Sandesh (Suppl.: Cilylife)

EDII

October 28, 2020
Pg.1

Campus Corner

EDII, અમદાવાદ દ્વારા FDPનું આયોજન

સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેશન સેન્ટર્સ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ કરાયો

સિટી લાઈફ ▸▸ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, અમદાવાદ અને સાવિત્રીબાઈ ફૂલે પૂણે યુનિવર્સિટીનાં સેન્ટર ફોર ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ એન્ટરપ્રાઈઝ વચ્ચે થયેલા સમજૂતી કરાર અંતર્ગત ફર્સ્ટ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી. પાંચ દિવસીય આ પ્રોગ્રામમાં સ્ટાર્ટઅપ્સ ઈનોવેશન સેન્ટર્સ ઊભા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેમજ તેનો ઉદ્દેશ ઉદ્યોગસાહસની રચના કરવા અને શિક્ષણ સમુદાય વચ્ચે ઈનોવેશનને પ્રોત્સાહન આપવાના પાયાને મજબૂત કરવાનો છે. ઓગસ્ટ ૨૦૨૦માં થયેલ કરાર મુજબ આ પ્રોગ્રામ દ્વારા યુવા પેઢીને તાલીમ મળે અને તેમને ઉદ્યોગસાહસિક તરીકે કારકિર્દી બનાવવા તરફ વધારે અભિમુખ બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ ઈવેન્ટનાં ઉદ્‌ઘાટન પ્રસંગે દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (DICCI) અને EDIIનાં બોર્ડનાં સભ્ય ડૉ. મિલિન્દ કામ્બલેએ જણાવ્યું કે, નવા ઉદ્યોગસાહસિકોનાં મનમાં ઘણી આશંકાઓ છે, માટે આવી વ્યવસ્થા ઊભી કરવી એક મહત્ત્વપૂર્ણ બાબત છે, જેમાં સંભવિત અને વર્તમાન વ્યવસાયોને સંપૂર્ણ માર્ગદર્શન મળી શકે. ઉદાહરણ તરીકે આત્મનિર્ભર ભારતના નેજા હેઠળ MSME ક્ષેત્રને બેઠું કરવા માટે કેટલાંક પ્રોત્સાહનો અને પહેલો હાથ ધરવામાં આવી છે, જેને આ ભાગીદારો વચ્ચે આગળ વધારવાની જરૂર પડશે. ભારતે છેલ્લા દાયકાઓમાં જણાવ્યું કે તે ઉદ્યોગસાહસિકતાથી મજબૂત ઈકોનોમી ઊભી કરી શકે છે. આ પાંચ દિવસીય ફેકલ્ટી પ્રોગ્રામ અંતર્ગત શિક્ષણ સમુદાયને ઉદ્યોગસાહસિકતાના વિકાસ સંબંધિત કાર્યક્રમો યોજવા સાથે સંબંધિત મહત્ત્વપૂર્ણ પાસાઓ સમજાવવામાં આવશે અને વિદ્યાર્થીઓને કારકિર્દી તરીકે ઉદ્યોગસાહસિકતા સ્વીકારવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે.